# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-03-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં આશરે 33 હજાર 500 કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ આશરે 18 હજાર 300 કરોડ રૂપિયાના દિલ્હી મેટ્રો પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કરશે.

શ્રી મોદી દિલ્હી મેટ્રોના બે નવા કોરિડોરનું ઉદ્ઘાટન કરશે. આમાં આશરે 12.3 કિલોમીટર લાંબા મજલિસ પાર્ક-મૌજપુર બાબરપુર-પિંક લાઇન કોરિડોર અને આશરે 9.9 કિલોમીટર લાંબા દીપાલી ચોક-મજલિસ પાર્ક-મેજેન્ટા લાઇન કોરિડોરનો સમાવેશ થાય છે.

---------------------------------------------------------------------------------------------

## રાજ્ય – પ્રાકૃતિક કૃષિ સન્માન પુરસ્કાર યોજના :

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિ સન્માન પુરસ્કાર યોજના શરૂ કરાશે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બૉર્ડ હેઠળ આ યોજના લાગુ કરાશે. તે અંતર્ગત પ્રાકૃતિક ખેતી કરનારા ખેડૂતોને પુરસ્કાર અપાશે. પ્રથમ એક લાખ 50હજાર રૂપિયા, બીજો એક લાખ રૂપિયા અને ત્રીજા પુરસ્કારમાં 75 હજાર રૂપિયા અપાશે.આ અંગે કૃષિ વિભાગે પરિપત્ર પણ જાહેર કર્યો છે.

---------------------------------------------------------------------------------------------

## આંતરરાષ્ટ્રીય મહિલા દિન :

આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી થઈ રહી છે નારી ગૌરવ દિન નિમિતે પ્રતિભાશાળી મહિલાઓ નું સન્માન વિવિધ સ્પર્ધાઓ આરોગ્ય વિષયક કાર્યક્રમો ગઈ કાલ થી યોજાઈ રહ્યા છે આજે આ કાર્યક્રમોનું સમાપન થશે

---------------------------------------------------------------------------------------

## અભયમ્ હેલ્પલાઈન :

મહિલાઓ માટે મજબૂત સુરક્ષા કવચ સમાન “181 અભયમ્ મહિલા હેલ્પલાઈન”ને આજે 12 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ સમયગાળામાં આ હેલ્પલાઈન દ્વારા કુલ 18 લાખ 10 હજારથી વધુ મહિલાઓને જરૂરી સલાહ અને માર્ગદર્શન અપાયું છે. તેમજ ત્રણ લાખ 60 હજાર 964 જેટલા કિસ્સામાં અભયમ્-ની ટુકડીએ ઘટનાસ્થળે પહોંચીને મહિલાઓને તાત્કાલિક મદદ પહોંચાડી છે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------

## T 20 વિશ્વકપ ફાઈનલ :

ભારત અને ન્યૂઝીલેન્ડ ની ટીમો વચ્ચે આજે અમદાવાદ ના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર આઇ સી સી T 20 પુરુષ વિશ્વકપનો અંતિમ જંગ રમાશે. ન્યુઝીલેન્ડની ટીમે દક્ષિણ આફ્રિકાને અને ભારતે ઇંગ્લેન્ડને હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે ભારત ચોથી વખત અને સતત બીજી વખત અંતિમ જંગમાં રમશે.

મેચ સાંજે સાત વાગ્યે શરુ થશે. એ અગાઉ ગીત સંગીતના સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે સમાપન સમારોહનો આરંભ થશે. મેચ દરમ્યાન કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મેચ જોવા આવતા ક્રિકેટ રસિકો માટે નવી દિલ્હીથી સાબરમતી વચ્ચે ખાસ ટ્રેન દોડાવાશે

---------------------------------------------------------------------------------------

## ધોરડો : ગ્લોબલ ગુજરાતી એવોર્ડસ :

ધોરડો ખાતે ગઈ કાલે કચ્છ યાત્રા રિસોર્ટમાં ગ્લોબલ ગુજરાતી એવોર્ડની પૂર્વ સંધ્યાએ યોજાયેલા કચ્છના સંસ્કૃતિદર્શન કાર્યક્રમમાં કચ્છની વિવિધ કલા- સંસ્કૃતિ રજૂ થઈ હતી. ગુજરાતી ફિલ્મ ઉદ્યોગની નામના પ્રાપ્ત હસ્તીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ જોઈને ગુજરાતી કલાકારો ખુશખુશાલ થઈ ગયા હતા.મહિલા દિવસ નિમિત્તે ચાર મહિલા કલાકારોનું વિશિષ્ટ સન્માન કરાયું હતું.

આજે સાંજે મુખ્ય એવોર્ડ સમારોહ યોજાશે, જેમાં ગુજરાતના નામાંકિત કલાકારો ઉપસ્થિત રહી તેમનું પરફોર્મન્સ રજૂ કરશે. કચ્છની ધરતી પર ગુજરાતી ફિલ્મના કલાકારોને જોવા એક લહાવો બની રહેશે.

---

## ધાવડા મોટા ખાતે તાલુકા સેવા સેતુ કાર્યક્રમ :

નખત્રાણા તાલુકાના ધાવડા મોટા ખાતે તાલુકા સેવા સેતુ કાર્યક્રમનો ૧૧ માં તબક્કાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં કુલ 2376 અરજીઓ અને લોકોના પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ કરાયો હતો અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા એ કહ્યું કે, સરકારની વિવિધ યોજનાઓનો લાભ લોકોને ઘર આંગણે મળે એ જ સેવા સેતુ છે. સેવા સેતુમાં વિવિધ યોજના આવરી લેવાય છે

કાર્યક્રમમાં નખત્રાણા તાલુકાના વિથોણ, નાગલપર, મોટા અંગિયા, નાના અંગિયા, લક્ષ્મીપર, તરા, જિંદાય, દેવપર, યક્ષ, થરાવડા કોટડા, મંજલ, દેવસર, કલ્યાણપર, સહિતના ગામોએ લાભ લીધો હતો.

---

## અંજાર – વિકાસકામોનું લોકાર્પણ :

ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે ગઈ કાલે અંજાર શહેરના પ્રવેશદ્વાર, ગાર્ડન નવીનીકરણ, આઇકોનિક રોડ, બોક્સ ક્રિકેટ સહિતના વિકાસકામોનું લોકાર્પણ તથા ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્યમંત્રીએ ડૉ.શ્યામ પ્રસાદજીના વ્યક્તિત્વને પ્રેરણાદાયી ગણાવીને જણાવ્યું હતું કે, અંજાર શહેરમાં લાખોના ખર્ચે લોકાર્પણ કરાયેલા વિકાસ કામો શહેરીજનોને માટે લાભદાયી બનશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અંજાર શહેર માટે મંજૂર થયેલી પોલિટેકનિક તથા એગ્રીકલ્ચર કોલેજ શિક્ષણ ક્ષેત્રે આવનારી પેઢીને સુવિધા પ્રદાન કરશે. જેનાથી આવનારા સમયમાં શિક્ષણની જ્યોત આ વિસ્તારમાં વધુ પ્રબળ બનતા તેનો લાભ આ વિસ્તારને અવિરત મળતો રહેશે.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન :

રાજ્યમાં આગામી ચાર દિવસમાં ગરમીમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગની યાદી મુજબ, રાજ્યમાં હાલ મહત્તમ તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસે પહોંચ્યું છે. તેમ છતાં હજી પણ સવારે ઠંડી અને બપોરે ગરમી એમ બે ઋતુનો અનુભવ પણ યથાવત્ છે. દરમિયાન, આવતીકાલથી ૨ દિવસ  રાજ્યના દરિયાકાંઠાના વિસ્તાર તથા સૌરાષ્ટ્ર કચ્છમાં ગરમ અને ભેજવાળી હવા રહેવાની પણ સંભાવના છે.

---------------------------------------------------------------------------------------------------

## રાજ્ય – જળાશય :

રાજ્યના મુખ્ય જળાશયોમાં કુલ પાણીનો 72 ટકાથી વધુ જથ્થાનો સંગ્રહ હોવાથી ઉનાળામાં પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી ઉપલબ્ધ છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવરમા 74 ટકાથી વધુ પાણીનો સંગ્રહ છે.